1. સ્વતંત્રતા શા માટે જરૂરી છે તે સમજાવો અને સ્વતંત્રતાના સામાજિક તથા રાજકીય ખ્યાલની સમજૂતી આપો.

- મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે. તેનામાં માન-સંમાન, અપમાન વગેરે લાગણીઓ ધરાવે છે. સ્વતંત્રતા એક એવા પ્રકારનું વાતાવરણ છે, જે વ્યક્તિને વિકાસ માટેની તકો પૂરી પાડે છે. સ્વતંત્રતા દરેક મનુષ્યને કેટલીક મર્યાદામાં રહીને વર્તન-વ્યવહાર કરવાની છૂટ આપે છે.
- મનુષ્ય જીવનને સ્વતંત્રા શા માટે જરૂરી છે. તે અંગે અનેક ચિંતકોએ ચિંતન કર્યું છે. તેઓના મતાનુસાર સ્વતંત્રતા એક પરમ મૂલ્ય છે. જે મનુષ્યને સુખ અને સંતોષ આપે છે. સત્યની શોધ માટે, વૈજ્ઞાનિક શોધખોળો માટે અને ન્યાયી સમાજની રચના માટે સ્વતંત્રતા જરૂરી ગણાય છે. ટૂંકમાં વ્યક્તિના વ્યક્તિત્વનો જે સર્વાંગી વિકાસ કરવો હોય તો સ્વતંત્રતા અનિવાર્યછે.
- સ્વતંત્રતાનો સામાજીક ખ્યાલ : સામાજીક પ્રાણી તરીકે મનુષ્ય જતે સ્વતંત્રતા ભોગવી શકે અને બીજા પણ સ્વતંત્રતા ભોગવી શકે તે માટે વાજબી ધોરણસરની અને મર્યાદા સહિતની સ્વતંત્રતા માણવાની છૂટ છે. દા.ત. વાણી સ્વતંત્રતા. પરંતુ આ વાણીથી અન્ય કોઈ માનસીક હાની ન પહોંચે, લાગણીને ઠેસ ન પહોંચે તેવી મર્યાદા આ સ્વતંત્રતાનો જ ભાગ છે.
- રાજકીય સ્વતંત્રતા : રાજયના સભ્ય તરીકે નાગરિકને રાજયની સામે પણ કેટલીક સ્વતંત્રતો છે. જેનું રહાણ રાજય જ કરે છે. તેથી જ રાજયના કાયદાઓની મર્યાદામાં રહીને જ નાગરિકે સ્વતંત્રતા ભોગવવાની છે.